



**સ્વાસ્થવર્ધક નીમરસની નિઃશુલ્ક સેવા**

અત્યારે ચૈત્રી માસ ચાલી રહ્યો છે, ત્યારે લીમડાને મોર (ફૂલ) બેસી ગયો છે. આ મોરનો અને લીમડાના કૂણાં પાંદડાનો રસ ખૂબજ સ્વાસ્થ્યવર્ધક ગણાય છે. જે ચૈત્ર માસમાં પીવાથી આખા વર્ષ માટેની રોગ પ્રતિકારક શક્તિ વધારી આપે છે. સેક્ટર-૬માં જોષી પરિવાર દ્વારા આ નીમરસનું નિઃશુલ્ક વિતરણ કરવાનો સેવાયજ્ઞ આરંભાયો છે. (તસવીર : દિપક જાની)

## સેક્ટર-૭ શોપિંગમાં તંત્રએ દબાણો દૂર કર્યા ૩ વેપારીને રૂ. ૧૦, ૧૦ હજારનો દંડ કર્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરે પોતાની ટીમ સાથે સે.૭ સ્થિત મુખ્ય શોપીંગના ગેરકાયદેસર દબાણો હટાવ્યા હતા અને અંદાજે ૩ જેટલા વેપારીઓને દંડ ફટકારી સ્વચ્છતા રાખવા સૂચનાઓ પણ આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર મનપાના કમિશનર જી.આર. ચૌધરીએ પોતાની ટીમ સાથે શહેરના સે. ૭માં દબાણકારો સામે કાર્યવાહી હાથ ધરી હતી. સે. ૭ શોપીંગમાં સ્થિત તમામ દુકાનના વેપારીઓ દ્વારા દુકાન આગળ લગાવવામાં આવેલા ગેરકાયદેસર સેડ અને દબાણો દૂર કરાવ્યા હતા. જ્યારે મુખ્ય શોપીંગના પાછળના ભાગે સ્થિત માઈક્રો શોપીંગના પણ તમામ દબાણો દૂર કરી ત્રણ વેપારીઓને ૧૦-૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. કમિશનરે દબાણ ઝુંબેશ દરમિયાન વેપારીઓને દુકાનની આસપાસ ખાસ સ્વચ્છતા જાળવવા પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

## ચૈત્રી નવરાત્રી-ધાર્મિક કાર્યક્રમ

● સેકટર-૨૩ માઈ મંડળ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે આનંદનો ગરબો યોજવામાં આવશે. આજ રોજ મંગળવાર બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમિયાન સેકટર-૨૩ સ્થિત શિવશકિત મંદિર ખાતે યોજાશે. તેમજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન મેહુલભાઈ દવેના નિવાસસ્થાન બ્લોક નં. ૧૦૦/૫, છ ટાઈપ સેકટર-૨૩ ખાતે યોજાશે.

● ચૈત્રી નવરાત્રી દરમિયાન શકિતમંડળ દ્વારા બહુચરમાનો આનંદનો ગરબો આજે મંગળવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન વિશ્વાસભાઈ જાનીના નિવાસસ્થાન સેકટર-૩-ડી ખાતે યોજાશે. ભાવિ ભકતોને દર્શનનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

● દહેગામ ખાતે ચૈત્રી નવરાત્રી નિમિત્તે યુવા કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે. આજે મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે ગાયત્રી સોસાયટી, નવી આઈ.ટી.આઈ. રોડ દહેગામ ખાતે રામકૃષ્ણ સોસાયટી પરિવાર દ્વારા સુંદરકાંડ પાઠ યોજાશે. મોટી સંખ્યામાં નગરજનોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

● ભાવનાબેન ગોકલાણીના મધુરકંઠે આનંદનો ગરબો આજે મંગળવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કલ્પનાબેન પંડિતના નિવાસ સ્થાન ૩૦૧, રાહુલ ટાવર, કનકકલા ફલેટ સામે, સેટેલાઈટ અમદાવાદ ખાતે યોજાશે.

● જય બુટ ભવાની મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ મંગળવારે બપોરે ૩ થી ૬ કલાકે હિતેન્દ્રસિંહ વાઘેલાના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૦૩૮/૧, સેકટર-૪-એ ગાંધીનગર ખાતે રાખેલ છે. ભકતોને લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જુસિકાએ જાહેર અપીલ કરી

ગાંધીનગર, તા.૨૩

જુનિયર સિટીઝન કાઉન્સિલની એમ્બ્યુલન્સ વાનને હાલમાં અકસ્માત થવા પામ્યો છે ત્યારે જુસિકાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે હાલમાં એમ્બ્યુલન્સની સંખ્યા ઓછી હોવાથી ગાંધીનગર અને અમદાવાદ સિવાય અન્ય વિસ્તાર માટે સેવા બંધ કરવામાં આવી છે. જેની નોંધ જાહેર જનતાએ લેવી.

## વણકર સમાજ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદ વણકર સેવા સમાજ સમગ્ર ગુજરાતના ગોળ, પરગણા યુવક-યુવતિઓ માટે છઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાશે. જેમાં લગ્નોત્સુક, પુનઃલગ્ન, વિધવા, શારીરિક ખોડખાંપણ ધરાવતા યુવક યુવતિઓ ભાગ લઈ શકશે. પસંદગી મેળામાં ઉપસ્થિત રહેવા માટે ડી.એમ. પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, ગાંધીનગરનો સંપર્ક કરવો.

## ચક્ષુદાન કર્યુ

ગાંધીનગર સેક્ટર-૭-બી સ્થિત હરીશભી બુધાલાલ ભાવસાર ઉં.વ. ૬૯ હાલમાં અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સિનિયર સિટીજન કાઉન્સિલ ગાંધીનગરના કાર્યકરો તેમજ જુસિકાના કાર્યકરો ઉપસ્થિત રહી મૃતકના ચક્ષુઓને ચક્ષુબેંક અમદાવાદ ખાતે પહોંચાડ્યા હતા.

# સાંસદ ગ્રાન્ટમાંથી તબક્કાવાર રીતે બધા ગામનો વિકાસ થશે

## સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ થયેલા સાણંદ તાલુકાના બકરાણા ગામમાં અડવાણી પહોંચ્યા : લોકોની સાથે ચર્ચા

અમદાવાદ, તા.૨૩

એમ.પી.એલ.એ.ડી ફંડમાંથી ગાંધીનગર જિલ્લાના તમામ ગામોનો વિકાસ કરવામાં આવનાર હોવાનું યોજના અંતર્ગત કલેકટર, અમદાવાદની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧૦ લાખ આ ગામના વિકાલ માટે ફાળવવામાં આવ્યા છે. દેશના થયેલી રજુઆતના અનુસંધાને તેઓએ જણાવ્યું હતું કે, ગામમાં ૧૦મા ધોરણ સુધીનું શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ટૂંકમાં ગોઠવાશે. બકરાણા ગામની



ગાંધીનગર જિલ્લાનાં સંસદ સભ્ય અને પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે.અડવાણીએ સાણંદ તાલુકાના બકરાણા ગામે જણાવ્યું હતું. અંદાજે ૨૨૦૦ની જનસંખ્યા ધરાવતા અને ગત તારીખ ૧૨ નવેમ્બર ૨૦૧૪ના રોજ સાંસદ આદર્શ ગામ તરીકે પંસદ કરાયેલા સાણંદ તાલુકાના બકરાણા ગામની મુલાકાત સાંસદસભ્ય એલ.કે.અડવાણીએ લીધી હતી. સાંસદ દ્વારા બકરાણા ગામમાં એમ.પી.એલ.એ.ડી ફંડમાંથી રૂપિયા ૨૧.૫ લાખ અને સંસદ આદર્શ ગ્રામ પ્રધાનમંત્રી દ્વારા જાહેર કરાયેલી સાંસદ આદર્શ ગ્રામ યોજના અન્વયે ગાંધીનગરના સાંસદ સભ્ય એલ.કે.અડવાણી દ્વારા સંસદ તાલુકાના બકરાણી ગામને દત્તક લેવામાં આવ્યું છે.

અડવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે જેના ભાગરૂપે ગુજરાતમાં ઘર શૌચાલયની યોજનામાં સમગ્ર રાજય સંકલ્પબધ્ધ બન્યું છે. ઘર શૌચાલયની હવે કોઈને પણ શૌચ માટે ખાસ કરીને મહિલાઓને સુવિધા પ્રાપ્ત થઈ શકશે. ગામના વિકાસ માટેની મુલાકાત પ્રસંગે અન્નેની સ્થાનિક કંપની દ્વારા રૂપિયા ૪.૫૦ લાખનો ચેક સંસદ સભ્ય એલ.કે.અડવાણીને બકરાણા ગામના વિકાસ માટે ફાળવવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર રાજકુમાર બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારી ભાર્ગવીબેન દવે, જિલ્લા પોલીસ અધિકારી નિર્લિપ્ત રાય, મહિલા સમરસ આદર્શ ગામ સમિતિના સભ્યો, આદર્શ ગામ સમિતિના સભ્યો, અધિકારીઓ, પદાધિકારીઓ વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને સાંસદનું અભિવાદન કર્યું હતું.



**કલોલ સ્વામિનારાયણ મંદિરમાં સંસ્કાર કેન્દ્રનો શુભારંભ**

કલોલ સ્વામિનારાયણ મંદિરે નૂતન સંસ્કાર કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સંસ્કાર સિંચન શિબિર અને મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના કલોલમાં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં આજે આચાર્ય પુરૂષોત્તમ સ્વામિજીની અધ્યક્ષતામાં નૂતન સંસ્કાર કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. દાઉદ ઘાંચી, પૂર્વ વાઈસ ચાન્સલેર ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કાર કેન્દ્રને ખુલ્લુ મુકતા આચાર્ય સ્વામિજીએ જણાવ્યું હતુ કે મનુષ્યમાં સંસ્કાર અને સત્સંગ હશે તેમજ જીવનની નૈયા પાર ઉતરશે. મનુષ્યને વ્યસન અધોગતિમાં લઈ જશે જેથી જેટલો બને તેટલો વહેલા છુટકારો મેળવવો જોઈએ. ડૉ. દાઉદભાઈએ સંસ્કારોનું જતન કરવા જણાવ્યું હતું. માનવીમાં સંસ્કાર હશે તો નામ કમાશે. સંસ્કાર વિનાનો માણસ શૂન્ય બરાબર છે. આ પ્રસંગે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ચેક-અપ કરાવ્યું હતું.

# પુન્દ્રાસણ ના આધેડે ઝેરી દવા ગટગટાવી

## ખેતરમાં જઈ ઉધઈ મારવાની દવા પી લેતા હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીકના પુન્દ્રાસણ ગામે આજે એક આધેડે અગમ્ય કારણોસર ખેતરમાં ઉધઈ મારવાની દવા ગટગટાવી લીધી હતી. જેથી હાલ જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે.

પ્રાપ્ત પોલીસ માહિતી અનુસાર વાવોલ ગામ પાસે સ્થિત પુન્દ્રાસણ ગામે ખેતરમાં ગામના જ અંદાજે ૬૦ વર્ષીય બબાજી શકરાજી ઠાકોરે અગમ્ય કારણોસર ઉધઈ મારવાની દવા ગટગટાવી લીધી હતી. થોડા સમય બાદ પરીવારજનોએ આધેડની શોધખોળ કરતા તેઓ ઘરથી નજીકના ખેતરમાં બેભાન હાલતમાં જમીન પર પડયા હતા. આથી પરીવારજનોએ તુરંત તેઓનો સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જો કે આધેડની હાલત વધુ ગંભીર બનતા તેઓને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ તેમ છતાં હાલ આધેડ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આ બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ મહેન્દ્રસિંહ સતુજી ચલાવી રહ્યા છે.




**બળબળતા તાપમાં ઠંડા પાણીની સેવા મહેંકી**

તરસ્યાંને પાણી પાવુ એ આપણા ધર્મમાં મોટી સેવાનું કાર્ય ગણાવાયું છે. નગરમાં ઉનાળાએ પ્રારંભથી જ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા માડ્યું છે, ત્યારે સેવાભાવી નગરજનોએ પણ નમતુ નહી જોખવાની 'નેમ' લીધી છે. નગરના 'ગ' માર્ગ પર સેક્ટર-૫-એમાં બ્રહ્માણી યુવક મંડળના સેવાભાવી યુવાનોએ ઠંડા પાણીની પરબ ઉભી કરી છે. જ્યાં અનેક તરસ્યા વટેમાર્ગુઓ પોતાની તરસ છીપાવી ટાઢકનો ઓડકાર લઈ રહ્યા છે. (દિપક જાની)

## જલુંદ માધ્યમિક શાળાએ સતત બીજા વર્ષે યુવા પ્રતિભા પુરસ્કાર મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના જલુંદ સ્થિત માધ્યમિક શાળાને યુવા પ્રતિભા પુરસ્કાર સમારોહમાં રૂ. ૫૦ હજારનું મુખ્યમંત્રીના હસ્તે ઈનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ગાંધીનગર જિલ્લાના જલુંદ સ્થિત ગાયત્રી માધ્યમિક શાળામાં વર્ષ-૨૦૧૩-૧૪ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં કન્યાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું હતું. શાળાની ધોરણ-૧૦ની તમામ વિદ્યાર્થીઓએ પાસ થતા શાળાને મુખ્યમંત્રીના હસ્તે રૂ. પચાસ હજારનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે જલુંદની શાળા છેલ્લા બે વર્ષથી આ પુરસ્કાર મેળવી જિલ્લાનું ગૌરવ વધારે છે. શાળા પરિવારે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

**રક્તદાન મહાદાન**

## કલોલમાં રચાયેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ગૌરવ સમિતિ

કલોલમાં વસતા સમગ્ર અનુસૂચિત જાતિના લોકોની બેઠક મજુર મહાજન કાર્યાલય રેલવે પુર્વ કલોલમાં તાજેતરમાં યોજાયેલ હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી ભવ્ય રીતે ઉજવવા માટે ચર્ચા કરવામાં આવી હતી. જે માટે સમિતિની રચના કરવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ગૌરવ સમિતિ નામ રાખવામાં આવેલ છે. પ્રમુખશ્રી ગીરીશભાઈ જી. પંડ્યા, ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ એસ. આનંદ, શ્રી જીવણલાલ એસ. પરમાર, શ્રી હીરાભાઈ સોલંકી મહામંત્રી, ખજાનચી તરીકે નાગરભાઈ કાવાભાઈ પરમારની વરણી કરવામાં આવેલ છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૬.૫૩

### તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૪ ટકા ● સાંજે ૧૮ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

સ્ક્રીન-૨ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૩ :
અગ્નિ પરીક્ષા : ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
એન.એચ. : ૨.૩૦, ૮.૦૦

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૩ :
એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૬.૪૫
હંટર : ૩.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
હંટર : ૩.૪૫, ૧૦.૦૦
બ્લેક હોમ : ૭.૦૦
સ્ક્રીન-૫ :
દિલ્લીવાલી જાલિમ ગર્લફ્રેન્ડ : ૧૦.૦૦
એન.એચ-૧૦ : ૩.૪૫, ૧૦.૦૦
હંટર : ૧૨.૩૦
દમ લગાકે હઈસા : ૬.૪૫

**સિનેમેક્સ**

સ્ક્રીન-૧ :
હંટર : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૫, ૬.૪૦, ૯.૪૫
સ્ક્રીન-૨ :
હંટર : ૧૧.૩૦, ૨.૩૫, ૫.૦૫, ૧૦.૪૦
બ્લેક હોમ : ૮.૧૫
સ્ક્રીન-૩ :
બે યાર : ૯.૦૦
એન.એચ-૧૦ : ૧૨.૦૦, ૨.૩૫, ૫.૧૦, ૧૦.૫૫
૧૦૦ ડેઝ ઓફ લવ (મલયાલમ) : ૭.૪૫

### આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. ચંપાબેન ચંદુભાઈ દરજી (ઉ.વ.૬૮) પ્લોટ નં. ૯૩૩/૧, સેકટર-૨સી, ગાંધીનગર
- સ્વ. સોમાભાઈ રેવાભાઈ રાઠોડ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૬૭૮/૧, સેકટર-૧૩એ ગાંધીનગર
- સ્વ.ડાહીબેન આત્મારામ વાળંદ (ઉ.વ.૮૭) પ્લોટ નં. ૯૩૮/૨, સેકટર-૨સી, ગાંધીનગર
- સ્વ. પાલીબેન દામોદરદાસ પ્રજાપતિ (ઉ.વ.૮૦) મુ. પેથાપુર, ગોપાલનગર સોસાયટી, તા.જી. ગાંધીનગર
- સ્વ.ઉષાકુંવરબા ગોવિંદસિંહ ચૌહાણ (ઉ.વ.૪૭) પ્લોટ નં. ૩૦૮/૨, કિસાનનગર સોસાયટી, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ જેઠાભાઈ રાઠોડ ૬૫ (ઉ.વ.૬૫) બ્લોક નં. ૫૧૩/૧, સેકટર-૭બી, ગાંધીનગર